THE MEHTA GROUP

Visit our website:
www.mehtagroup.com


જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૧

# Gajgamini

THE HOUSE JOURNAL OF THE MEHTA GROUP

‘ગજગામિની’ એટલે હાથીની નિશ્ચિત અને પ્રભાવશાળી ચાલ. મજબૂત... આત્મવિશ્વાસથી ભરપૂર... અને સજાગ. આ પ્રતિભાવંત પ્રાણીના આ બધા જ સકારાત્મક ગુણો મહેતા ગ્રુપમાં પણ રહેલા છે.

## યુગાન્ડામાં સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ દ્વારા ૨૫ મેગાવોટ જનરેશન પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરીને રાષ્ટ્રીય સિદ્ધિ હાંસલ કરી.



**યુગાન્ડાના લુગાઝી ખાતેની સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ (એસસીઓયુએલ)એ માત્ર પોતાના ઉપયોગ માટે પૂરતું વીજઉત્પાદન કરવાની સિદ્ધિ હાંસલ કરી છે એટલું જ નહીં, પરંતુ સમગ્ર ટીમના અદ્‌ભુત નિષ્ઠાપૂર્ણ કાર્ય દ્વારા હવે કંપની યુગાન્ડાની લુગાઝીની નેશનલ ગ્રીડમાં કરાર હેઠળના ૧૫ મેગાવોટના પાવરથી પણ વધારે પુરવઠો પૂરો પાડી શકશે. ટીમની સખત મહેનતના પરિણામ સ્વરૂપ આ કાર્ય છેલ્લા બે મહિનાથી કાર્યરત છે અને ભવિષ્યમાં પણ તે ચાલતું રહેશે તેવી અપેક્ષા છે.**

## ઈતિહાસનું સર્જન - થોડા સંસ્મરણો

કોઈ પણ યાત્રાનો આરંભ પ્રથમ પગલા સાથે થાય છે અને એસસીઓયુએલ ખાતેની ટીમ દ્વારા હાથ ધરાયેલી કામગીરીએ આ કહેવતને યથાર્થ કરી બતાવી છે. એસસીઓયુએલ ખાતે કો–જનરેશન પાવર પ્રોજેક્ટ સ્થાપનાનો આરંભ ૨૦૧૫માં કરાયો હતો. યુગાન્ડાના લુગાઝીમાં એસસીઓયુએલએ કો–જનરેશન પાવર પ્રોજેક્ટ સ્થાપવા સાથે સાથે સુગર ફેક્ટરીમાં શેરડીના પીલાણમાંથી મળેલ અવશેષો – કૂચાની આડપેદાશ – બગાસીનો ઉપયોગ ઉપરાંતની કરવાની કામગીરી હાથ ધરી તેના મૂલ્યમાં વૃદ્ધિ કરી હતી.

શેરડીના પીલાણની વધુ ક્ષમતા ધરાવતી નવી મિલ તાજેતરમાં શરૂ કરાઈ છે, જેમાં વધુ બગાસી–કૂચાનું ઉત્પાદન થતું હતું. આના પરિણામે ટીમે વ્યવહારુ ઉપાય તરીકે ૨૫ મેગાવોટ વીજઉત્પાદન કરવા કો–જનરેશન પાવરનો વિકલ્પ પસંદ કર્યો હતો. નોંધનીય બાબત એ છે કે પ્લાન્ટ માટે ૧૦ મેગાવોટથી વધુ પાવરની જરૂર ન હોવા છતાં ટીમે વધારાના ૧૫ મેગાવોટની નિકાસ નેશનલ ગ્રીડને કરવાની જવાબદારી ઉઠાવી હતી.

વીજ ઉત્પાદનની વર્તમાન ક્ષમતા ૨૫ મેગાવોટ હોવા છતાં, ટીમનું માનવું છે કે તે વધીને ૩૦ મેગાવોટ થઈ છે, જેના પરિણામે એસસીઓયુએલ સમયાંતરે નેશનલ ગ્રીડને વધારાની વીજળીનો પુરવઠો આપી શકશે. સંબંધિત સરકારી વિભાગ સાથેની વ્યવસ્થા મુજબ આ કામગીરીને આગળ વધારી શકાશે.

એક બાબત નોંધવી પ્રશંસનીય બની રહેશે કે, આ પ્રોજેક્ટ ક્લીન ડેવલપમેન્ટ મિકેનિઝમ હેઠળ રિન્યુએબલ એનર્જીના અભ્યાસાર્થે વિચારણા હેઠળ છે.



## અરસ-પરસના સહયોગ સાથે કાર્ય પૂર્ણ.

કોઈ પણ કાર્ય અધૂરું રહી ન જાય તે માટે એસસીઓયુલ દ્વારા વીજઉત્પાદન અને નેશનલ ગ્રીડને તેના વેચાણ સહિત વિવિધ સરકારી એજન્સીઓ પાસેથી મંજૂરી મેળવવાની જરૂરિયાતો પ્રાપ્ત કરવાના યોગ્ય પગલાં લેવાયા હતા.


આ પ્રોજેક્ટ માટે એસસીઓયુલ દ્વારા ૫૦ મિલિયન અમેરિકી ડોલરનું ફંડ એકત્ર કરાયું હતું, જેમાંથી બહુમતી હિસ્સો ફ્રેન્ચ ડેવલપમેન્ટ બેંક PROPARCO અને FMO-Holangનો હતો અને બાકીનો હિસ્સો આંતરિક સ્ત્રોતોમાંથી મેળવાયો હતો.

એસસીઓયુલને ૨૦ વર્ષના પાવર પરચેઝ એગ્રીમેન્ટ હેઠળ નેશનલ ગ્રીડને પાવરનો પુરવઠો આપવા તેમજ સપ્લાય માટે ઓર્ડર મેળવવા યુગાન્ડા સરકારની વિવિધ જરૂરિયાતો પાર પાડવાની સફળતા મળી હતી. આના પરિણામે, કંપનીને લાંબા સમયગાળા સુધી તેના નાણાકીય આધારને મજબૂત બનાવવા કંપનીના ઓપરેશન્સમાં મોટું યોગદાન મળી રહેશે.

એટલું જ નહીં, નેશનલ ગ્રીડને પાવરનો પુરવઠો આપવાથી રાષ્ટ્રીય ઉપયોગ માટે વધુ વીજઉત્પાદનમાં થોડા સહકાર સાથે યુગાન્ડાના વિકાસમાં હિસ્સો બનવાની સરસાઈ સાંપડશે તેમજ યુવાનો માટે નવી રોજગારી તક પણ ઉભી કરી શકાશે.




યુગાન્ડાના લુગાઝી ખાતે કો-જનરેશન પાવર પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન સમારોહ દરમ્યાન શ્રી એમ.એન. મહેતાએ સંબોધન કર્યું હતું.



રાત્રિના સમયે કો-જનરેશન પાવર પ્લાન્ટનું દૃશ્ય



આ પ્રોજેક્ટ યુગાન્ડા અને આપણી કંપની માટે પણ અત્યાધુનિક અને પ્રતિષ્ઠિત પ્રોજેક્ટસમાંનો એક છે.

કોવિડ–૧૯નો કપરો સમય હોવા છતાં પણ એસસીઓયુલ દ્વારા ૧૭ જુલાઈ, ૨૦૨૧એ આ પ્લાન્ટ કાર્યરત કરી શકાયો હતો.

આ શુભારંભ આપણા ચેરમેન શ્રી એમ.એન. મહેતા અને તેમની જીવનસંગિની શ્રીમતી સુનયના મહેતા તેમજ કંપનીના સર્વે ડાયરેક્ટર્સના શુભાશીષ થકી જ શક્ય બન્યો હતો.



યુગાન્ડાના લુગાઝી ખાતે કો-જનરેશન પાવર પ્રોજેક્ટના શુભારંભ સમયે શ્રી એમ. એન. મહેતા રિબન કાપી રહ્યા છે.
તેમની સાથે શ્રીમતી સુનયના મહેતા, શ્રી અર્જુન મહેતા, શ્રી એ. કે. શાહ, શ્રી હેમનાભ ખટાઉ અને શ્રી જય મહેતા દ્દષ્ટિગોચર થાય છે.

**શ્રી એમ. એન. મહેતા અને રિજિયોનલ ડાયરેક્ટર શ્રી એસ.સી. શર્માએ સતત અમને ડગલે ને પગલે જે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું છે તેમજ યુગાન્ડા સરકારે બિનશરતી સમર્થન આપ્યું છે તે અમારા માટે ઘણું મહત્ત્વનું બની રહ્યું છે.**



ડાબેથી જમણે : શ્રી હેમનાભ ખટાઉ, શ્રી જય મહેતા, શ્રીમતી સુનયના મહેતા, શ્રી મહેન્દ્ર એન. મહેતા, શ્રી અર્જુન મહેતા અને પૂજારી શ્રી દિકુલ દવે કો-જનરેશન પાવર પ્રોજેક્ટના શુભારંભ સમયે પૂજાવિધિ કરી રહ્યા છે.

## શ્રીમતી સુનયના મહેતાને જન્મદિનની હૃદયભીની શુભેચ્છા




અમે શ્રીમતી સુનયના મહેતાને જન્મદિવસની બિલેટેડ હેપ્પી બર્થ-ડે પાઠવી રહ્યા છીએ. તેઓ કુશાગ્રબુદ્ધિ અને વિનમ્રતાપૂર્ણ આગવી કાર્યપદ્ધતિ થકી ઘણી બધી રીતે અમારા માટે માર્ગદર્શક અને કંપની માટે ધ્રુવતારક બની રહ્યા છે.

તેમનું જીવન સારા સ્વાસ્થ્ય અને આનંદથી ભરપૂર રહે તેવી અમારી પ્રાર્થના છે.



ડાબેથી જમણે : શ્રી જય મહેતા, શ્રીમતી સુનયના મહેતા, શ્રી અને શ્રીમતી રણવીર ખટાઉ અને શ્રી એમ. એન. મહેતાએ યુગાન્ડામાં શ્રીમતી સુનયના મહેતાનાં જન્મદિનની ઉજવણી કરી હતી.

# યુગાન્ડામાં ગોરીલાનું પગેરું શોધવાના સાહસનો મહેતા પરિવાર માટે મનોરંજનસભર સમય





યુગાન્ડાના બ્વિન્ડી ઇમ્પેનિટ્રેબલ નેશનલ પાર્કમાં ગોરીલાનું પગેરું શોધવાના સાહસમાં પોતાના ૮૦ના સુવર્ણદસકામાં શ્રી મહેન્દ્ર એન. મહેતા અને શ્રીમતી સુનયના મહેતા પૌત્ર અર્જુન મહેતા સહિત પરિવારના અન્ય પાંચ સભ્યો સાથે જોડાયા હતા. યુગાન્ડામાં છ દાયકાથી વધુ સમયથી વસવા છતાં મહેતા દંપતીને અત્યાર સુધી ગોરીલા ટ્રેકિંગમાં જવાની તક મળી ન હતી. તેઓ સમગ્ર દેશના અન્ય રમણીય પ્રવાસન સ્થળોની મુલાકાત લેતા રહ્યાં છે તેમાં કોઈ શંકા નથી. પરંતુ લાંબા સમયથી ગોરીલા ટ્રેકિંગ તેમની પ્રવાસની યાદીમાં હતું.

સમગ્ર પરિવારને તેમના પૌત્ર અર્જુનના કારણે આ સાહસમાં જોડાવવાનું પ્રોત્સાહન મળ્યું હતું. ત્રણ દિવસ અને બે રાત્રીના પ્રવાસમાં મહેતા પરિવારે ગાઢ ટ્રોપિકલ રેઈન ફોરેસ્ટમાં ગોરીલાનું પગેરું શોધવાના સાહસનો દિલધડક અનુભવ માણ્યો હતો. આ ઉપરાંત, પ્રકૃતિના રમણીય દૃશ્યો અને પક્ષીઓની વિવિધ પ્રજાતિઓના સુમધુર અવાજોની મધ્યે નીરવ શાંતિ, વિશાળ અનોખા ચાના બગીચાઓ અને સ્થાનિક કોમ્યુનિટી સાથે હાર્દિક લાગણીસભર વાતચીતના વાતાવરણમાં તેમના પૌત્રના ૧૮મા જન્મદિવસની ઉજવણીની તક પણ આ સમયમાં લઈ લીધી હતી.



શ્રી મહેતાએ પોતાના અનુભવ વિશે જણાવતા કહ્યું હતું કે, “ગોરીલા અનોખા પ્રકારનું પ્રાણી છે, જે વૃક્ષની ડાળીઓ પર ચડતા અને ઉતરતા રહે છે, રમતો રમે છે, પાસાની જેમ ઘુમરીઓ ખાતા રહે છે, પાંદડા ખાય છે અને ડાળીઓ તોડતા રહે છે. બ્વિન્ડીના ટ્રોપિકલ વર્ષાવનમાં સૌથી રમણીય દશ્યો જોવા મળે છે અને વણખેડાયેલી ભૂમિને માણવી અવર્ણનીય છે.”

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, “યુગાન્ડામાં ઘણા યુવાનો અને વિશેષતઃ મધ્ય અને ઉચ્ચવર્ગીય પ્રકારના યુવાનો પોતાના વેકેશન અને હનીમૂન માટે વિદેશ પ્રવાસોમાં હજારો ડોલર્સ ખર્ચવાનું પસંદ કરે છે. હું તો એમ કહીશ કે યુગાન્ડાની વિવિધ પ્રાણી પ્રજાતિઓ, વૈવિધ્યપૂર્ણ પક્ષીજીવન, પ્રાકૃતિક શુદ્ધ જળ સરોવરો, ધોધ અને નદીઓ તેમજ રવેનઝોરી જેવા મનમોહન અને અવિસ્મરણીય પર્વતો સહિતની પ્રાકૃતિક દ્રશ્યાવલીઓ તેમણે અવશ્ય માણવી જોઈએ.

ઓહો! કેટલું સુંદર છે યુગાન્ડા ! પ્રેસિડેન્ટ મુસેવેની અને તેમની સમગ્ર સરકારના આભારી છીએ કે યુગાન્ડા સારા વાતાવરણ સાથે ઘણું સુરક્ષિત સ્થળ છે. આપણે ૧૯૭૦ના દાયકામાં જે યુગાન્ડા જોયું હતું, તે વર્તમાન યુગાન્ડાથી તદ્દન અલગ છે, કારણ કે આપણે સમગ્ર વિશ્વમાં આજના યુગાન્ડા વિશે ગૌરવ અનુભવી શકીએ છીએ અને રચનાત્મક વાત કરી શકીએ છીએ.”

શ્રીમતી મહેતાએ ટ્રેકિંગ વિશે પોતાના અનુભવ વિશે જણાવતાં કહ્યું કે, “હું તો પરમશાંતિ અને સ્થાનિક ભૂગોળ અને સ્થાનિક કોમ્યુનિટીના પ્રેમમાં જ પડી ગઈ હતી. વાદળો, પર્વતો, ગોરીલાના રહેઠાણથી માંડી મૈત્રીપૂર્ણ અને મનમોહક સ્થાનિક સમુદાય સાથે ઓતપ્રોત થવા સહિત ગ્રામ્ય વિસ્તારના જીવનના અદ્‌ભુત અનુભવે મને વિનમ્ર બનાવી છે.” તેમને શાંતિથી બેઠેલા સિલ્વરબેક નર ગોરીલા અને નાનકડાં બાળ ગોરીલાઓને રમતાં, એક ડાળથી પરથી બીજી પર છલાંગ લગાવતાં, એકબીજા પર કૂદતાં અને ખોરાકની શોધમાં ડાળીઓ તોડતાં નિહાળી રહેલી પુખ્ત નારી ગોરીલાનું દૃશ્ય અદ્‌ભુત લાગ્યું હતું.

તેમણે યુગાન્ડા વાઈલ્ડ લાઈફ ઓથોરિટીના રેન્જર્સના સપોર્ટ તથા કલાઉડ લોજના અનોખા બાંધકામ અને તેમની કસ્ટમર સર્વિસના ખૂબ ખૂબ વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, “આ લોજની સુંદરતા અવર્ણનીય છે, તે ભૌગોલિક રીતે વિશાળ શીલાઓ પર ગોઠવાયેલી છે અને અમે જાણે વાદળોની મધ્યમાં વસતા હોઈએ તેવું અનુભવ્યું હતું, જેનાથી અમે સાચા વાદળિયા વાતાવરણમાં જીવન કેવું હોય તેનો આસ્વાદ માણવા મળ્યો હતો.

અમે ખરેખર વન્યજીવનના સાચા વૈભવમાં ખોવાઈ ગયા હતા.”



## ઓનમના તહેવારની સમજ

મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસ ખાતે મેનેજર–એસ્ટેટ શ્રી રેચલ નોરોન્હા ઓનમ એટલે શું? તેની સમજ આપે છે. ઓનમનો ઉત્સવ 'ગોડસ ઓન કન્ટ્રી' તરીકે ઓળખાતા કેરળના વિવિધ રંગ અને સુગંધનું સંમિશ્રણ આપણી સમક્ષ લાગે છે. આ બહુસામુદાયિક ઉત્સવ દંતકથારૂપ અને મહાન રાજા મહાબલિ તેમની પ્રજાને નિહાળવા આવે છે તેની યાદ અપાવવાનો છે.

આ ઉત્સવ ઉજવણી અને અન્ન–આહારનો છે. ઘરને પુક્કાલમ તરીકે ઓળખાતી અનોખા ફૂલોથી શણગારવામાં આવે છે. સ્ત્રીઓ સેટ્ટુ મુન્ડુ તરીકે જાણીતા વસ્ત્રોમાં સજ્જ હોય છે અને પુરુષો પટાદાર રેશમી કે સુતરાઉ લુંગી અને શર્ટ પહેરે છે. આ વસ્ત્રોનો રંગ બહુધા સફેદ અને તેની કિનારીઓ ગોલ્ડન અથવા અન્ય રંગની હોય છે.

મારા માટે ઓનમનો તહેવાર કાયમ ખાસ હોય છે. દર વર્ષે મારી બહેન અને પરિવાર સાથે તેની ઉજવણી કરું છું. મારી બહેન પ્રેમથી સ્વાદિષ્ટ ઓનમ સાડ્યા અથવા ભોજન તૈયાર કરે છે. ૨૦થી ૩૦ સ્વાદિષ્ટ આઇટમ તાજી બનાવીને કેળના પાન પર પીરસવામાં આવે છે.

કોરોના મહામારી હોવા છતાં, આ વર્ષે પણ અમારા ઓનમના ઉત્સાહમાં જરા પણ કચાશ રહેવા દીધી ન હતી અને પરિવાર સહભોજન માટે એકત્ર થયા હતા. ધક્કા મુક્કીથી ભીડ અને દોડધામ હોવા છતાં શાંતિ અને દિવ્યતાનું વાતાવરણ ફેલાયેલું હતું. ભોજનના મેજ પર મિત્રોને હંમેશા આવકાર અપાય છે, આથી તમારામાંથી કોઈને પણ ઓનમનો તહેવાર ઉજવવો હોય તો આવતા વર્ષે મારી સાથે 'Onashamsakal'ની બૂમ મારવા તૈયાર રહેજો !





સુશ્રી રેચલ નોરોન્હાએ તેમના પતિશ્રી થીઓ નોરોન્હા, તેમની બહેન અને પારિવારિક સગા-સંબંધી સાથે ઓનમ તહેવારની ઉજવણી કરી હતી

## આનંદ અને ઉજવણી
## આનંદમય સમયનો જીવંત દૃશ્યો સાથેની તસવીરી ઝલક



જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે સિધ્ધિ લેડિઝ કલબ અને ગ્રુપ પાર્ટી દ્વારા ભવ્ય જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી





સિધ્ધિ લેડિઝ ક્લબે સ્પોર્ટ્સ-ડેની ઉજવણી
ગ્રુપ પાર્ટી સાથે કરી



જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે
સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી







સિધ્ધિ લેડિઝ ક્લબ દ્વારા હરિયાળી ત્રીજની ઉજવણી કરવામાં આવી



એસસીએલ રાણાવાવ ખાતે ભગવાન શ્રી ગણેશની આરતી ઉતારી રહેલા
શ્રી નરેન્દ્રસિંઘ, ડાયરેક્ટર વર્ક્સ



ગણેશ ચતુર્થી તહેવારમાં
શ્રી અને શ્રીમતી દિનેશ રાંદડ



એસસીએલ રાણાવાવ ખાતે નવદુર્ગા પૂજા

# અમારા ગુજરાત સ્થિત પ્લાન્ટ્સમાં નવરાત્રિ તહેવારની ઉજવણી




કોવિડના ભયને દૂર રાખીને અમારા ગુજરાત સ્થિત પ્લાન્ટ્સમાં હંમેશાની માફક નવરાત્રિના નવ દિવસની ઉજવણી કરવા બધી ટીમો આગળ વધી, જે રીતે તમે હંમેશા ઉજવણી કરતા આવ્યા છો. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ થઈને ટીમોએ પ્લાન્ટ પ્રીમાઈસીસમાં ગરબાની રમઝટ ચલાવી તે નિહાળવું ખેરખર અદ્‌ભુત હતું !



એસસીએલ, રાણાવાવ ખાતે નવરાત્રિ દરમ્યાન ઉત્સાહપૂર્વક ગરબા રમી રહેલા પુરુષો

વર્તમાન યુગ અને સમયમાં કામકાજના સ્થળોએ ઉત્સવોની ઉજવણી આવકારદાયક ગણાય છે. આનું મુખ્ય કારણ એ છે કે, તેનાથી એકવિધતામાં રાહત મળે છે. તમારે મનોરંજન અને રંગીનતાની જરૂર પડે છે અને ઉત્સવો તમને આનંદ અને પકડી રાખતો મિજાજ પૂરો પાડે છે. કર્મચારીઓ આતુરતાપૂર્વક આવા સમયની રાહ જુએ છે.

નવરાત્રિ ઉત્સવના આ નવ દિવસ આપણને નકારાત્મક વિચારોને પવિત્ર કરવાની અને ફરીથી શરૂઆત કરવાની તક આપે છે. ગરબા દિવ્યતાના નારી સ્વરૂપને સન્માન આપતું, પૂજા કરતું  અને ઉજવણી કરવાનું નૃત્ય આપે છે.



એસસીએલ, રાણાવાવ ખાતે નવરાત્રિ દરમ્યાન ગરબાના તાલે ઘૂમતી મહિલાઓ





સિદ્ધિ લેડિઝ કલબ, સિદ્ધિગ્રામ દ્વારા નવરાત્રિ ઉજવણી

## કોર્પોરેટ ઓફિસ, મુંબઈ દ્વારા નવરાત્રીની ઉજવણી

**કોર્પોરેટ ઓફિસ, મુંબઈ દ્વારા નવરાત્રિના નવે નવ દિવસોમાં કર્મચારી દરેક દિવસે ખાસ રંગના વસ્ત્રો પહેરીને આવતા હતા. એવું માન્યતા છે કે જો તમે અમુક ખાસ દિવસે ખાસ રંગને અનુસરો છો તો તે જીવનમાં લાભદાયી બની રહે છે.**



નવરાત્રિમાં વાઈબ્રન્ટ લાલ રંગને પવિત્ર માનવામાં આવે છે તેથી અમારી કોર્પોરેટ ઓફિસના કર્મચારીગણ લાલ રંગના વસ્ત્રોમાં સજ્જ થઈને આવતા હતા



નવરાત્રિમાં સફેદ કલરના વસ્ત્રો પહેરીને આવ્યા



નવરાત્રિમાં પીળા વસ્ત્રો પહેરીને આવ્યા



અમારી મુંબઈ ખાતેની ટીમે નવરાત્રિના નવ દિવસોમાં વાદળી કલરના વસ્ત્રો પહેર્યા હતા



મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસમાં ઝૂમ સ્પર્ધામાં નવરાત્રિના વિજેતાઓ

## નવરાત્રિની રમઝટ પણ ઝૂમ પર !

હા, ખરેખર ! કોઈએ સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય કે નૃત્ય અને રંગોનો તહેવાર ઘરમાં બેસીને ઝૂમ મિટિંગ દ્વારા ઉજવાશે! ધ મહેતા એમ્પ્લોઈઝ ક્લબ દ્વારા આ વર્ષે આ કલ્પનાને સાકાર કરી દેવાઈ હતી, જ્યારે દરેક વ્યક્તિએ ક્લબ દ્વારા આયોજિત નવરાત્રિ ઝૂમ ઈવેન્ટમાં સક્રિયપણે અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોરોનાની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને આ વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મને કહેતા ગર્વ થાય છે કે આ કાર્યક્રમમાં આવેલ દરેક વ્યક્તિએ આ કાર્યક્રમની મજા ભરપૂર માણી હતી. આ નવતર પહેલને આગળ વધારવાના પ્રયત્નો બદલ સિનિયર એક્ઝિક્યુટિવ શ્રી મનોજ વાધવાણી, ડેપ્યુટી જનરલ મેનેજર–લોજિસ્ટિક્સ શ્રી સંજય માલકર અને મેનેજર–એચઆર સુશ્રી મનીષા નાયડુ ખાસ કરીને અભિનંદન પાત્ર છે.

આ સાંજનો વિષય નવરાત્રિ અને બોલિવૂડ ક્વિઝનો હતો, જે કાર્યક્રમમાં કર્મચારીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. કર્મચારીઓ દ્વારા અપાયેલા સાચા જવાબોની સંખ્યાના આધારે ઈનામોનું વિતરણ કરાયું હતું. શ્રેષ્ઠ વસ્ત્ર પરિધાન કરેલા પુરુષ અને સ્ત્રીઓને પણ ઈનામો એનાયત કરાયા હતા.

**અમે આ સાંજના વિજેતાઓને અભિનંદન પાઠવીએ છીએ.**

| | | | | |
|---|---|---|---|---|
| તૃપ્તિ | પ્રીતિ | નીતિન ચાલાલિયા | નેહા જોશી | નયન દફતરી |
| મોહિની | આરતી | એચ.એ. ત્રિવેદી | ઉત્તરા | હરિશ્ચંદ્ર જોશી |
| | | | એ.પી. રાવ | સ્નેહા |

**શ્રેષ્ઠ વસ્ત્ર પરિધાન- સ્ત્રીઓ :**
રેખા અર્તાણી
પરીના મહેતા

**શ્રેષ્ઠ વસ્ત્રપરિધાન - પુરુષો :**
બ્રિજેશ શર્મા
સંપત યાદવ

## દશેરા પૂજા










શ્રી અને શ્રીમતી દિનેશ રાંદડ
નવરાત્રિમાં પૂજાવિધિ કરી રહ્યા છે.

મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસમાં અમારા એમ.ડી.
શ્રી એમ. એસ. ગિલોત્રા એ દશેરાના દિવસે પૂજા કરી હતી.



## અભિનંદન નિરવ અને તેમના ગૌરવવંતા માતા-પિતાને...!

શ્રી રવિ સુવર્ણા, ડેપ્યુટી મેનેજર (આઈટી, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ)ના પુત્ર નીરવ સુવર્ણાએ મુંબઈના વાસી ખાતેની ફાધર એજેનલ મલ્ટિપર્પઝ સ્કૂલ અને જુનિ. કોલેજમાંથી કોમર્સ સ્ટ્રીમ(વાણિજ્ય પ્રવાહમાં) એચ.એસ.સી. બોર્ડમાં ૯૭.૬૬ ટકા સાથે ઉત્તીર્ણ થયા છે...

અમે નિરવને તથા તેના પરિવારને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

નીરવ અમને ગૌરવ છે.

# દિવાળીની ઉજવણી



કોર્પોરેટ ઓફિસ ખાતે દિવાળીમાં લક્ષ્મીજીની પૂજા કરી રહેલા શ્રી અને શ્રીમતી જય મહેતા.
શ્રીમતી મેધાવિની ડી. મહેતા અને શ્રીમતી એમ. એસ. ગિલોત્રા આ પૂજાવિધિ વખતે હાજર રહ્યા હતા.



જીએસસીએલ સિધ્ધિગ્રામ ખાતે શ્રી વી.પી. મેહરા, ડેપ્યુટી મેનેજર, એકાઉન્ટસ તેમના પત્ની સાથે આરતી કરીને દિવાળીની પૂજા કરી.



જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે શ્રી દિનેશ રાંદડ અને તેમના પરિવાર તથા શ્રી નરેન્દ્રસિંઘ તેમના કર્મચારીગણ સાથે દિવાળીની પૂજા આરતી સાથે કરી





## ગુજરાતની ટીમે નવરાત્રિની ઉજવણી કરી

એકવિધતાની પ્રવૃત્તિઓમાંથી વિરામ લઈ અમારી અમદાવાદ અને રાજકોટ ઓફિસની ટીમોએ પોતપોતાના ઓફિસના પટાંગણમાં નવરાત્રિની ઉજવણી કરી હતી. તેમની આનંદ અને ઉત્સાહની પળમાં અમને સહભાગી બનાવવા બદલ તેમનો આભાર ! ટીમને અભિનંદન!



નવરાત્રિના તહેવારમાં ઓફિસના પ્રાંગણમાં ગરબા રમતી રાજકોટની ટીમ



નવરાત્રિ ઉત્સવ દરમ્યાન અમદાવાદ ખાતેની ઓફિસના સભ્યો
નવરાત્રિના ગરબા ઝૂમવાના અદ્ભુત મિજાજમાં નજરે પડે છે



નવરાત્રિ ઉત્સવ દરમ્યાન ગ્રુપ ફોટો માટે સજ્જ રાજકોટની ટીમ



## દિવાળીની પરંપરા અને ઉજવણીઓ

મહેતા ગ્રુપ ખાતે દિવાળીની ઉજવણી પરંપરાને અનુસરવાની સાથે પૂજા અને તમામ માટે પ્રાર્થના સાથે કરાઈ હતી.

અમદાવાદ ખાતેની ઓફિસમાં ઈશ્વરના આહ્વાન સાથે દિવસની શરૂઆત થઈ હતી અને ઓફિસ સ્ટાફ અને સિનિયર સ્ટાફના પરિવારોએ પૂજામાં હાજરી આપી હતી.



તા. ૨ નવેમ્બર, ૨૦૨૧ના દિવસે અમદાવાદ ઓફિસમાં શ્રી અને શ્રીમતી રણધીરસિંઘે દિવાળીનું પૂજન કર્યું હતું

બપોર પછીનો સમયગાળો આનંદથી ભરપૂર રહ્યો હતો, જેમાં ટીમના તમામ સભ્યો દિવસને યાદગાર બનાવવા એકત્ર થયા હતા. દરેક સભ્ય પ્રસંગને અનુરૂપ સુંદર પરિધાનમાં સજ્જ હતા.

તા. ૨ નવેમ્બર, ૨૦૨૧ના દિવસે અમદાવાદ ખાતેની ઓફિસના કર્મચારીઓએ દિવાળીની ઉજવણી કરી હતી








ડાબેથી જમણે : શ્રીમતી વીરલ શાહ, એમઆઈએસ
શ્રીમતી જ્યોત્સનાસિંઘ, શ્રી રણધીરસિંઘ, ડાયરેક્ટર (એમ એન્ડ એસ)ના પત્ની
શ્રીમતી હેમાક્ષી ત્રિવેદી, શ્રી ધર્મેશ ત્રિવેદી - વાઈસ પ્રેસિડેન્ટ-સેલ્સના પત્ની
શ્રીમતી બન્ટી રાવલ, સિનિયર ઓફિસર-એચઆર અને
કુ. હિમાનીસિંઘ, શ્રી રણધીરસિંઘના પુત્રી

અમદાવાદ ઓફિસમાં કર્મચારીની હાજરીમાં સાથે દિવાળીની પૂજા કરી રહેલા શ્રી અને શ્રીમતી રણધીરસિંઘ



## અમદાવાદના અગ્રણી વર્તમાનપત્રોએ આપણી કંપનીની દિવાળી ઉજવણીનો અહેવાલ આપ્યો !

અમને એ જણાવતા ગર્વ થાય છે કે, આપણી કંપનીની દિવાળી ઉજવણીનો અહેવાલ અમદાવાદ મિરર, નવગુજરાત, પ્રભાત અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જેવા જાણીતા અખબારોમાં પ્રસિદ્ધ થયા હતા.

**AhmedabadMirror**

**City**

**Auto-rickshaw fares revised; minimum**

The minimum fare for auto-rickshaws has been set to Rs 18 from t government approved the demand of rickshaw drivers' associatio fare in wake of increase in CNG prices. The new minimum per/km h Rs15. The new rates will come into effect from November 5.

PICS: JIGNESH VORA






**Praying for good health and wellbeing of all**

A family performs puja on the auspicious day of Dhanteras, which marks the first day of Diwali festivities. Diwali will be especially memorable after the pandemic this year as families and loved ones reunite to celebrate the auspicious festival.

(Left) Family members join to create a rangoli at a home in the city on Monday.

**GOT A THEMED RANGOLI? SHARE IT WITH US** Click clear, hi-resolution photographs of your rangoli (along with you) and mail it to us at ahmedabadspeaks@gmail.com till Thursday, November 4, 12 noon

**प्रभात खबर**



હિન્દુઓનો તહેવાર દિવાળીનો પ્રારંભ થવા પામ્યો છે. ધનતેરસ પર્વ નિમિત્તે ગૃહિણીઓ દ્વારા રંગબેરંગી રંગોળી બનાવવામાં આવી હતી.
(તસવીર - હેવિન પટેલ)

## ગ્રાહકોની વફાદારીનો પુરસ્કાર







લોયલ્ટી પ્રોગ્રામ્સનો લાંબો ઈતિહાસ રહ્યો છે. તમારી બ્રાન્ડને વફાદાર રહેલા ગ્રાહકો અને સમર્થકોએ તમારા પરના વિશ્વાસ માટે બ્રાન્ડને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે તે જ યોગ્ય છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે બંધન રિવોર્ડ્સ પ્રોગ્રામને વધુ મજબૂત બનાવવા માટે અમે તાજેતરમાં યુઝર ફ્રેન્ડલી ડિજિટલ ઇન્ટરફેસ 'બંધન રિવોર્ડ્સએપ' (વેબએપ અને મોબાઇલ એપ) લોન્ચ કરી છે જે એન્ડ્રોઇડ અને આઇ-ફોન મોબાઇલ ફોન્સ તેમજ ડેસ્કટોપ અને લેપટોપ પર સંપૂર્ણપણે કામ આપે છે.

કોઈપણ ગ્રાહક માટે ઘર બાંધવા સિમેન્ટની ખરીદી કરવાનો નિર્ણય મુશ્કેલ બની રહે છે.

માનવી હંમેશા તેના ઘર સાથે લાગણીથી જોડાયેલો-બંધાયેલો રહે છે. આથી, સિમેન્ટ ખરીદવામાં ઇન્ફ્લુઅન્સર (પ્રભાવક વ્યક્તિ) મહત્ત્વનો ભાગ ભજવે છે.

સિમેન્ટ ઉત્પાદકો હોવાથી દરેક ઇન્ફ્લુએન્સરની ચિંતા-પ્રશ્નોનું નિરાકરણ કરવું તેમજ તેઓ આપણા પરિવારના મહત્ત્વના હિસ્સા બની રહે તેની તકેદારી રાખવી આપણા માટે મહત્ત્વપૂર્ણ બની રહે છે.







બંધન રિવોર્ડ્સ વફાદાર ગ્રાહકો એટલે કે કોન્ટ્રાક્ટર્સ, કડિયા, રિટેઈલર્સ/સબ ડીલર્સ માટે લોયલ્ટી પ્રોગ્રામ છે.

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિ. અને ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લિ.ના હાથી સિમેન્ટ – સિધ્ધિ સિમેન્ટ્સના ઓથોરાઈઝ્ડ ડીલર પાસેથી ટ્રેડ (રિટેઈલ) કેટેગરીમાં સાથી સિમેન્ટ–સિધ્ધિ સિમેન્ટસની બેગ્સની નિયમીત ખરીદી પર આ પ્રોગ્રામ ઓફર કરવામાં આવે છે.

આ એપની વિશેષતા ઓટીપી ધરાવતી સલામત ટ્રાન્ઝેક્શન છે, જેના થકી વપરાશકારોને સોદો કરવા, વાતચીત કરવા, સ્ટેટ્મેન્ટસ જોવા તેમજ પોતાના યુઝર પ્રોફાઈલ સંબંધિત વિગતો પર નજર રાખવાની સુવિધા મળે છે.

બંધન રિવોર્ડ્સ પીપીસી બેગ્સની ખરીદી પર વધુ રિવોર્ડ પોઈન્ટસ આપે છે. આ સિવાય પ્રખ્યાત બ્રાન્ડસની વિવિધ કેટેગરીઝના ૧૫૦થી વધુ ઉત્પાદનો સાથેના આકર્ષક કેટલોગ્સ, ઓર્ડર્સ પર ધ્યાન રાખવું, પ્રાસંગિક આશ્ચર્યો અને ઘણું બધું તેમાં સામેલ છે.



ઉપલેટાના જીવાભાઈ નાંદણિયાને બંધન રિવોર્ડ્સથી નવું ફ્રીજ પ્રાપ્ત કરવા બદલ અમારા હાર્દિક અભિનંદન

## નવા સભ્યોનું સ્વાગત છે

- **શ્રી કલ્હાન રાઝદાન** — મેનેજર-એડમિનિસ્ટ્રેશન, અમદાવાદ
- **શ્રી ધાર્મિક પુરોહિત** — ઓફિસર-સેલ્સ, અમરેલી
- **શ્રી દિપેન ગાંધી** — ઓફિસર - ટેકનિકલ, આણંદ
- **શ્રી મહેશ પ્રજાપતિ** — ઓફિસર - સેલ્સ, કચ્છ
- **શ્રી હિમાંશુ પરમાર** — સિનિયર સેલ્સ ઓફિસર, વડોદરા
- **શ્રી ભાર્ગવ ખારાણી** — ઓફિસર - સેલ્સ, રાજકોટ

## શ્રી જે.એન. નકુમ- અસાધારણ કાર્યનું જીવંત ઉદાહરણ

એમ કહેવાય છે કે, મન હોય તો માળવે જવાય અને સિધ્ધિગ્રામ જીએસસીએલ ખાતે આસિસ્ટન્ટ એન્જિનિયર મિકેનિકલ, શ્રી જે. એન. નકુમ દ્વારા હાંસલ કરાયેલી અભૂતપૂર્વ સિધ્ધિ આનું જીવંત ઉદાહરણ છે.

અમને એ જણાવતા ગૌરવ અનુભવાય છે કે પોતાના અસામાન્ય પ્રયાસોથી તેમણે સિમેન્ટ મિલમાં ઈનલેટ ટ્રુનિઓન રિપ્લેસમેન્ટનું કાર્ય ઈન–હાઉસ પ્રયાસો અને મશીનરીની પ્રાપ્યતા થકી જ સફળતાથી પરિપૂર્ણ કર્યું છે.

તેમના પ્રયત્નોના પરિણામે આપણી સંસ્થાને ખર્ચમાં મોટી રકમ બચાવવાનો લાભ મળેલ છે. તેમણે ભવિષ્યમાં કોસ્ટ ઈફેક્ટિવ ઈન–હાઉસ સુધારા–વધારાના પ્રશ્નો કેવી રીતે પાર પાડી શકાય તેનું ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે.

અમે આ પ્રસંગે તેમના અસાધારણ કાર્ય બદલ આભાર માનવા અને અભિનંદન પાઠવવાની તક ઝડપી લઈએ છીએ.



શ્રી જે.એન. નકુમ, આસિસ્ટન્ટ એન્જિનિયર-મિકેનિકલ

## સિન્નાર, નાસિક, મહારાષ્ટ્ર ખાતે સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ (પેઈન્ટ ડિવિઝન) ઉત્પાદનના આરંભની તૈયારી

Snowcem PAINTS

એસસીએલ દ્વારા તાજેતરમાં સિન્નાર, નાસિક, મહારાષ્ટ્રના હસ્તગત કરાયેલા સ્નોસેમ પેઈન્ટ બિઝનેસના ઇ–૬, એમઆઈડીસી માલેગાંવ ખાતે પ્લાન્ટ શરૂ થવાની સંપૂર્ણ તૈયારીમાં છે. એસસીએલના નવા નામ હેઠળ વિવિધ સરકારી લાયસન્સ મેળવવા, ઈલેક્ટ્રિક અને વોટર કનેક્શન મેળવવા, ફેક્ટરીની સંપૂર્ણ સાફ–સફાઈ, માળખાકીય ગોઠવણી કરવી અને ઉત્પાદનના તમામસાધનો–યંત્રોની નવેસરથી સજાવટ કરવા સહિતના અનેક મુખ્ય પડકારો હતા.

આ પ્રોજેક્ટ ઉપર મે,૨૦૨૧માં કામ શરૂ થઈ ગયું હોવા છતાં, એક મહિના પછી જ ગતિ પકડાઈ હતી અને કંપની આ પ્લાન્ટમાં ઝડપથી ઉત્પાદન શરૂ થવાની ધારણા રાખે છે.

## નવી સજાવટ સાથેના પ્લાન્ટની ઝલક - તસ્વીરયાત્રા




નવા બ્રાન્ડિંગ સાથે સિન્નાર પ્લાન્ટનું પ્રવેશદ્વાર

## સિન્નાર પ્લાન્ટ ખાતે ગોઠવાયેલા નવા ઉત્પાદન સાધનો



સિન્નાર, નાસિક, મહારાષ્ટ્ર ખાતે નવી સજાવટ સાથેનો ઈટીપી પ્લાન્ટ



નવું ટ્રાન્સફોર્મર



નવું જનરેટર ૩૨૦ કિલોવોટ




સિન્નાર પ્લાન્ટ ખાતે નવી પેનલ્સ

# પેઈન્ટર્સ બેઠકમાં આપણા સહયોગીઓનું ભાવભીનું સ્વાગત




પેઈન્ટર્સ મીટમાં પેઈન્ટરોની ઉપસ્થિતિ

મહેતા ગ્રુપ હંમેશાથી સહયોગીઓનો હાથ ઝાલવામાં અને તેમને સન્માન આપવામાં ગૌરવ અનુભવે છે. આપણે હંમેશા માનીએ છીએ કે આપણા સાથી-સહયોગીઓનો વિકાસ એ માત્ર આપણી જવાબદારી નથી, પરંતુ તેમના સાથથી આપણો પણ વિકાસ થતો નિહાળીએ છીએ. તાજેતરમાં આપણા નવા હસ્તગત કરાયેલા પેઈન્ટ બિઝનેસ-સ્નોસેમ ખાતે આપણે પેઈન્ટર્સ મીટનું આયોજન કર્યું હતું અને આપણા તમામ સહયોગીની સંપૂર્ણ ઉપસ્થિતિ એ આનંદની વાત હતી.

પેઈન્ટર્સ આપણને સારી રીતે જાણી શકે અને સ્નોસેમ પેઈન્ટ્સના સહયોગીઓ બની શકે તે માટે પેઈન્ટર્સ મીટનું આયોજન કરાયું હતું. છેલ્લા ઉપયોગકર્તા માટે રંગ-પેઈન્ટની ખરીદીમાં પેઈન્ટરની ભૂમિકા મહત્ત્વની હોય છે. જેને નકારી શકાય નહીં. અને આ બેઠક ચોક્કસપણે બજારમાં બિઝનેસનું સાતત્ય જાળવવા, વેચાણ વધારવા અને સ્નોસેમ બ્રાન્ડ બરાબર દેખાય તેની ચોકસાઈ માટે યોજાઈ હતી.




બ્રાન્ડ વિઝિબિલિટી : ડીલરના સ્ટોર પર પોસ્ટરો ગોઠવવાની વેપારી પ્રવૃત્તિ




બ્રાન્ડ વિઝિબિલિટી : ડીલરના સ્ટોર પર ડેન્ગલર્સ ગોઠવવાની વેપારી પ્રવૃત્તિ

# જુલાઈથી ઓક્ટોબર, ૨૦૨૧ દરમિયાન તાલીમ અને વિકાસ કાર્યક્રમ



મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસ ખાતે ડેપ્યુટી જનરલ મેનેજર - એડમિનિસ્ટ્રેશન
શ્રી અશ્વિનકુમાર દ્વારા ફાયર અને સેફ્ટી વિશે ઈન-હાઉસ ટ્રેનિંગનું સંચાલન કર્યું હતું

મહેતા ગ્રુપ દ્વારા કર્મચારીઓની તાલીમની કટિબદ્ધતાથી મોટી સંખ્યામાં ટ્રેનિંગ સેશન્સ પરિપૂર્ણ થયા હતા, જેમાં તમામ ઓફિસીસના દરેક કર્મચારીની હાજરી નોંધપાત્ર રહી હતી.

એક અંદાજ અનુસાર જુલાઈ મહિનાથી ઓક્ટોબર સુધીના સમયગાળામાં કુલ ૧૯૪૭ કલાકને આવરી લેતા ૫૫૦ ટ્રેનિંગ સેશન્સ યોજાયા હતા. આ ૫૫૦ ટ્રેનિંગ સેશન્સમાંથી ૨૬૭ કાર્યાત્મક, ૨૦૧ વર્તણૂક અને ૭૩ વેલનેસ સંબંધિત હતા.

યોગ્ય અભિગમ સાથે વૈશ્વિક માન્યતા ધરાવતા હોવાથી બિહેવિઅરલ અને ફંકશનલ ટ્રેનિંગને તમામ કોર્પોરેટ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ માટે અતિ મહત્ત્વપૂર્ણ ઘટક–તત્ત્વ ગણવામાં આવે છે. એક બાબત સંપૂર્ણ સ્વીકાર્ય છે કે, જો તમે વલણ બદલવા માગતા હોય તો પહેલાં વર્તન બદલવા સાથે શરૂઆત કરો.

સોફ્ટ સ્કીલ્સથી ઇમોશનલ ઇન્ટેલિજન્સ ટ્રેનિંગ સુધી તમામ ટ્રેનિંગ સેશન્સ ભાગ લેનારા કર્મચારીઓને યોગ્ય સાધનો, ઇન્સેન્ટિવ્ઝ અને લર્નિંગ પ્લેટફોર્મથી સજ્જતા અને મદદ કરવાના હેતુસર હતા. આ ત્રિમાસિક ગાળામાં એડવાન્સ એનાલિટિક્સ, બિઝનેસ સ્ટ્રેટેજી અને ફાઇનાન્સિયલ પરફોર્મન્સ, કોન્ટ્રાક્ટર અને ડિસ્પ્યુટ મેનેજમેન્ટ, વાટાઘાટો–મંત્રણાની અસરકારક કુશળતા ઈફેક્ટિવ નેગોસિયેશન સ્કીલ્સ, ફાયર અને સેફ્ટી, મિડલ મેનેજર્સ માટે નેતૃત્વ અને પારસ્પરિક કુશળતા જેવા સંખ્યાબંધ તાલીમ સહિતના વિષયો આવરી લેવાયા હતા. આ ટ્રેનિંગમાં ૪૯ ટકા કાર્યાત્મક, ૩૮ ટકા વર્તણૂક અને ૧૩ ટકા વેલનેસ વિષયોનો સમાવેશ કરાયો હતો.

| માસ | કુલ ટ્રેનિંગ | કુલ કલાક |
|---|---|---|
| જુલાઈ | ૧૪૯ | ૪૫૧ |
| ઓગસ્ટ | ૧૩૩ | ૪૮૦ |
| સપ્ટેમ્બર | ૧૧૯ | ૪૯૬ |
| ઓક્ટોબર | ૧૪૯ | ૫૨૦ |
| કુલ | ૫૫૦ | ૧૯૪૭ |

# અકસ્માત અટકાવવાની તાલીમ



જીએસસીએલ, સિધ્ધિગ્રામ ખાતે સિનિયર મેનેજર-સેફ્ટી શ્રી આર.બી. ભરાડવા દ્વારા અકસ્માત નિવારણની ટ્રેનિંગ આપી રહ્યા છે.

સામાન્યપણે જેના પર ખાસ ધ્યાન અપાતું નથી તેવી પાયારૂપ 'ઇમેઈલ શિષ્ટાચાર અને વ્યાપાર લેખન કૌશલ્ય' વાસ્વવમાં માહિતીના ઝડપી ફેલાવા–પ્રસાર અને ગ્રાહકોની પૂછપરછનો ઝડપી રિસ્પોન્સ આપવા થકી કોમ્યુનિકેશનને વધારવાનું સાધન છે અને અમને જણાવતા ગૌરવ થાય છે કે આવી સૂક્ષ્મ વિગતો આપણા ટ્રેનિંગ સેશન્સ દરમ્યાન આવરી લેવાઈ હતી.

આ ઉપરાંત 'Assertiveness Communication Skills' વિશે અદ્‌ભુત તાલીમ પણ અપાઈ હતી. જેમાં વ્યક્તિને તેમની પારસ્પરિક કુશળતા સુધારવામાં તેમજ આગ્રહી અને આક્રમક હોવા વચ્ચેનો તફાવત સમજવામાં ખરેખર મદદ મળે છે. આપણે દરેક કર્મચારીને તેમના વ્યક્તિગત અને પ્રોફેશનલ જીવનને મજબૂત બનાવવાની કુશળતાથી સજ્જ થવામાં પ્રોત્સાહન આપતી સંસ્થા તરીકે મહેતા ગ્રુપના રૂપાંતર તરફ આગળ વધી રહ્યા છીએ તેવું કહેતા અમને આનંદ થાય છે કે આપણે બ્લુ–કોલર કર્મચારીઓ માટે ખાસ હિન્દી ભાષામાં 'પોસ' ટ્રેનિંગની શરૂઆત કરી છે. આ વિષયો તેમને સમજવા, રક્ષણ આપવા અને કામકાજના સ્થળે મહિલાઓની જાતિય કનડગત વિરુદ્ધ પરિચિત કરવા તરફના હોય છે.

'પોષણ, આરોગ્ય વિશે જાગૃતિ અને તણાવમાંથી હળવાશ વિશે વેબિનાર' પણ ખોરાકમાં રહેલા પોષક તત્ત્વો, શરીર તેમનો કેવી રીતે ઉપયોગ કરે છે તેમજ આહાર, આરોગ્ય અને રોગ વિશે સંબંધ સમજવાના હેતુસરના હોય છે. સ્ગુઆ જ પ્રમાણે, 'કામકાજના સ્થળે કાળજી' વેબિનારનો હેતુ કેટલીક સારી કાળજી વિષયક કસરતો કરવા તેમજ આપણા વિચારો અને લાગણીઓ વચ્ચે સંબંધ સમજવા સાથે પરિવર્તન બાબતે વિશ્વાસ ઉભો કરવા નિર્ણય પ્રક્રિયાને વધારવાનો હોય છે.

## મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસમાં એસસીએલ પેઈન્ટ ડિવિઝનમાં નવા સભ્યોને ભાવભર્યો આવકાર



**શ્રી ગિરીશ કે. વી.**
નેશનલ સેલ્સ હેડ

- શ્રી સતીશ નિવૃત્તિલિંગેલ — મેનેજર-મેઈન્ટેનન્સ
- શ્રી દિપક કુમાર — સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી મલય પૌલ — સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી એસ. નાગારાજુ — સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી સાગર કપૂર — સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી વીરા રેડ્ડીટેરેટરી — સેલ્સ મેનેજર
- શ્રી લક્ષ્મણ પવાર — સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી સંજય કુમાવત — આસિ. મેનેજર-એકાઉન્ટ્સ
- શ્રી રિઝવાન કે. સાલમ — સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી આનંદસિંહ — સિનિયર સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી રાજેન્દ્ર મુલકપાલી — ટેરિટરી સેલ્સ મેનેજર
- શ્રી સર્વેશકુમાર — ટેરેટરી સેલ્સ મેનેજર
- શ્રી હિમાદ્રી મોન્ડાલ — સેલ્સ ઓફિસર
- શ્રી રાજેન જી આર — સેલ્સ મેનેજર
- શ્રી રામાનુજ સિંહ — સિનિ. સેલ્સ એક્ઝિક્યુટિવ
- શ્રી રાહુલ પ્રસાદ — સેલ્સ ઓફિસર
- શ્રી પ્રવિણ સિધ્ધાયે — ફેક્ટરી મેનેજર

## મુંબઈ ખાતેની જીએસસીએલની કોર્પોરેટ ઓફિસ ખાતે નવા સભ્યોને ભાવભર્યો આવકાર


- સુશ્રી મિતાલી નાયક — ઓફિસર-એકાઉન્ટ્સ



**શ્રી મહેન્દ્ર કાન્ડુકુરી,**
વાઈસ પ્રેસિડેન્ટ, આઇટી

## યુગાન્ડા ખાતેના એસસીઓયુએલમાં નવા સભ્યોને ભાવભર્યો આવકાર

- શ્રી થિરૂમલાઈસામી શિવા કુમાર — ડેપ્યુટી જનરલ મેનેજર (કો-જન)
- શ્રી જગન્નાથ સાલુંખે — ડેપ્યુટી મેનેજર, બોઈલર
- શ્રી મણિ મારીચેવલન — સિનિયર મેનેજર - ઈલેક્ટ્રિકલ (કો.જન)
- શ્રી મનીષ વિશ્વકમ — ડિપ્યુટી મેનેજર, ઈલેક્ટ્રિકલ
- શ્રી મુરલી સેલ્વારથિનામ — સિનિયર મેનેજર, ટર્બાઈન
- શ્રી મૃગેશકુમાર — આસિ. મેનેજર - ડબ્લ્યુટીપી
- શ્રી ઓરાથાઈ સાદાઈપ્પન દંડપાણી — સુપરવાઈઝર-મિલ




## દિવાળી એ પ્રકાશનો ઉત્સવ છે -

દિવાળી એ ભારતના સૌથી મનપસંદ તહેવારોમાંનો એક છે, જેમાં ચારે તરફ રોશની અને હસતા ચહેરા સાથે સમગ્ર વાતાવરણમાં હકારાત્મક સાથે ખુશાલીભર્યું વાતાવરણ છવાઈ જાય છે.

અમે શરત લગાવવા તૈયાર છીએ કે અત્રે અમે દિવાળી વિશે કેટલીક રસપ્રદ હકીકતો રજૂ કરીએ છીએ, તેનાથી આપ અજાણ હશો.




૧) દિવાળી એ પ્રકાશનો ઉત્સવ છે અને પ્રકાશ દ્વારા અંધકાર પર વિજય હાંસલ કરતી અંજલિ છે. આ તહેવાર અમાસની રાત્રિનો છે જેને દીવા અને ફટાકડાની આતશબાજીથી ઝળહળતી કરવામાં આવે છે.

૨) દિવાળી માટે સૌથી લોકપ્રિય માન્યતા એવી છે કે, આ દિવસે હિન્દુઓના દેવ ભગવાન રામે અસુરોના રાજા રાવણનો વધ કરી વિજય મેળવી તેમના વતન અયોધ્યા નગરીમાં પાછા આવ્યા હતા. પૌરાણિક દંતકથા અનુસાર રામરાજ્યની સ્થાપનાને મનાવવા સમગ્ર દેશમાં દીવા પ્રગટાવી પ્રકાશ કરવામાં આવ્યો હતો.

૩) ઘણા લોકો એવું પણ માને છે કે, દિવાળીનો દિવસ હિંદુઓની સંપત્તિની દેવી લક્ષ્મીનું સન્માન કરે છે. દેવી લક્ષ્મીને પ્રકાશ અને દીવાની ઝગમગાટથી લોકોના ઘરમાં જવાનો અને આવનારા વર્ષોમાં તેમના માટે સમૃદ્ધિ લાવવાનો માર્ગ મળે છે !

૪) ભારના સૌથી મોટા છઠ્ઠા ક્રમના જૈન ધર્મની લોકપ્રિય માન્યતા અનુસાર ૨૪ તીર્થંકરો (મહાન ગુરુઓ)ના આખરી તીર્થંકર મહાવીર ભગવાને દિવાળીના દિવસે નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું.


૫) ભારતના દક્ષિણ વિસ્તારમાં દિવાળીની ઉજવણી ભગવાન કૃષ્ણ દ્વારા અસુર નરકાસુરના વધ અને તેના રાજ્યમાં શાંતિ સ્થાપવાના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર નરકાસુરે તેની અંતિમ સમયમાં પશ્ચાતાપ દર્શાવ્યો હતો અને માતા પૃથ્વીને તેના મૃત્યુને દર વર્ષે રોશની-પ્રકાશ અને રંગો સાથે ઉજવાય તેવી વિનંતી કરી હતી. માતા પૃથ્વીએ તેની આ ઇચ્છાને સ્વીકારીને આ વરદાન આપ્યું હતું.

૬) ભારતની બહાર યુનાઈટેડ કિંગ્ડમના લેસ્ટર શહેરમાં દિવાળી સૌથી વધારે ધામધૂમથી ઉજવાય છે. દર વર્ષે હજારો લોકો રોશની, સંગીત અને નૃત્યોના કાર્યક્રમોને માણવા શહેરની શેરીઓ અને માર્ગો પર એકત્ર થાય છે!

૭) ગત ૭૦ વર્ષના ગાળામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે દુશ્મનાવટ રહી છે અને ત્રણ યુદ્ધ થયા છે. આના પરિણામે બંને દેશ વચ્ચે સરહદે હંમેશા તંગદિલી સર્જાતી રહે છે. જોકે દિવાળી ઘણા થોડા પ્રસંગોમાં એક છે, જ્યારે બંને દેશના સૈનિકો તેમના મતભેદો બાજુએ રાખીને હળેમળે છે. અભિનંદન પાઠવે છે અને દર વર્ષે સરહદ સામેના સૈનિકોને મીઠાઈઓ પણ વહેંચે છે.

## યુગાન્ડાના એસસીઓયુએલના ચીફ એક્ઝિક્યુટિવ્ શ્રી અનિલ શાહના પત્ની શ્રીમતી શીતલ શાહ દ્વારા રચનાત્મક પ્રયાસ

શ્રીમતી શીતલ શાહે વૃક્ષની ડાળીઓ, જૂના બૂટસ–પગરખાં, શોર્ટ્સ, ટાયર, તૂટલા બાથ, ટબ્સ અને વપરાશ પછી ફેંકી દેવાની અન્ય બિનજરૂરી વસ્તુઓના ઉપયોગથી આ સુંદર કળામય નમૂનાઓનું સર્જન કર્યું છે.








**આપણે ક્રિસમસની ઉજવણીની તૈયારી કરી રહ્યા છીએ... આ સંદર્ભે વિશ્વના સૌથી મનપસંદ ઉત્સવ ક્રિસમસ વિશે કેટલીક રસપ્રદ અને મનોરંજક હકીકતો જાણીએ...**




## ક્રિસમસ હંમેશા ૨૫ ડિસેમ્બરે ઉજવાતી ન હતી.

ક્રિસમસ જિસસ ક્રાઇસ્ટના જન્મની ઉજવણી તરીકે હોય છે, પરંતુ સાચી તારીખ ઇતિહાસમાં મળતી નથી. બાઇબલમાં પણ ૨૫ ડિસેમ્બરનો કોઈ ઉલ્લેખ કરાયો નથી, અને ઘણા ઈતિહાસકારો માને છે કે જિસસનો જન્મ તો ખરેખર સ્પ્રીંગ એટલે કે વસંતઋતુમાં થયો હતો. કેટલાક ઈતિહાસકારોના મતે આ તારીખ મૂળ એટલા માટે પસંદ કરાઈ હતી કે સેટર્નલિઆના મૂર્તિપૂજક ઉત્સવની સાથોસાથ આવતી હતી. આ દિવસે કૃષિપેદાશોના દેવ સટર્ન (શનિ)નું ઉત્સવ અને ભેટ આપવાની ઉજવણીથી સન્માન કરાતું હતું.

*(source: https://www.goodhousekeeping.com/holidays/christmas-*

## જિંગલ બેલ્સની રચના ક્રિસમસ માટે કરાઈ ન હતી

જિંગલ બેલ મૂળ તો ૧૮૫૭માં થેંક્સગિવિંગ માટેના ગીત તરીકે ઉપયોગમાં લેવાયું હતું. આ ગીત સૌપ્રથમ અવકાશમાં અવકાશયાત્રીઓ વોલ્ટેર શિરા જુનિયર અને થોમસ પી. સ્ટેફોર્ડ દ્વારા ગવાયું હતું.

*(source: https://www.berries.com/blog/45-fun-christmas-facts)*





## ઘૂંટણ સુધી ગૂંથેલા મોજાં લટકાવવાની પ્રથા લગ્ન સંબંધિત દંતકથાની છે.

સ્મિથ સોનિયન અનુસાર આ પરંપરાના મૂળમાં સૌથી લોકપ્રિય દંતકથાઓમાં એક ગરીબ વિધૂરની વાર્તા છે. આ વિધુરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે તે પોતાની ત્રણ દીકરીઓના લગ્ન કરાવી નહીં શકવાની ચિંતામાં હતો.

સ્મિથ સોનિયન સમજાવે છે કે સારું નસીબ હતું કે સેન્ટ નિકોલસ રહેતો હતો ત્યાં આ માણસ જઈ રહ્યો હતો અને તેમણે ગામવાસીઓને આ પરિવારના દુ:ખ વિશે ચર્ચા કરતા સાંભળ્યા. તેઓ મદદ કરવા ઇચ્છતા હતા, પરંતુ તેમને ખબર હતી કે, આ માણસ સીધી રીતે કોઈ દાન લેવાનો ઈનકાર કરી દેશે. આથી, તેઓ રાત્રે પરિવારના ઘરની ચીમનીમાં થઈ નીચે ઉતર્યા અને છોકરીઓના તાજાં ધોયેલા અને આગ પાસે સૂકાવા મુકાયેલાં સ્ટોકિંગ્સમાં સોનાના સિક્કાઓ ભરી દીધા. આ પછી સેન્ટ નિકોલસ અદૃશ્ય થઈ ગયા. સવારે આ પરિવારને આ ભેટ જોવામાં આવી અને છોકરીઓના લગ્ન કરવાનું શક્ય બન્યું. આ ક્રિસમસનો ચમત્કાર હતો!

*(source: https://bestlifeonline.com/christmas-facts/)*



# જવાબદારી સાથે ઈ-વેસ્ટનો નિકાલ કેવી રીતે કરશો ?

મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસની સિનિયર ઓફિસર-એકાઉન્ટન્ટસ
કુ. પ્રિસિલ્લા નાઝારેથ દ્વારા



આપણી સોસાયટીઓ, સ્કૂલ્સ અને કોલેજોમાં પ્રિન્સપાલ્સ, શિક્ષકો અને સોસાયટીના સભ્યોને ચોક્કસ અભિયાન ચલાવવા માહિતગાર કરી શકીએ છીએ, જેમાં સામાન્યપણે કચરા માટે ડસ્ટબિન્સ મૂકવામાં આવે છે, તે જ રીતે ઈલેક્ટ્રોનિક વેસ્ટ કચરા (ઈ–વેસ્ટ)ને ક્યાં રાખવો તેના વિશે દરેકને શિક્ષણ આપી શકીએ છીએ. આ માટે ચોક્કસ જગ્યાએ ખાલી ખોખા મૂકવા જોઈએ અને લોકોને જૂના–નકામા લેપટોપ્સ, વાપરી ન શકાય તેવા મોબાઈલ ફોન્સ, નહીં વપરાયેલી બેટરીઓ અને ઘણી ઘરવપરાશની ચીજવસ્તુઓ અને સાધનોને ડસ્ટબિન્સમાં ફેંકી દેવાને બદલે આ ખોખામાં જ મૂકવા વિનંતી કરવી જોઈએ. આ પછી આવો કચરો લેવા આવતા લોકો તેમના નિયત સમયે આ ઈ–વેસ્ટ લઈ જાય અને ચોક્કસ રીતે વ્યવસ્થિત નિકાલ કરી શકે છે.

## નિષ્ણાત સાથે વાતચીત

'કરો સંભવ' અથવા 'મેઈક પોસિબલ' નામની સંસ્થા છે, તેઓ ભારતની અગ્રણી પ્રોડ્યુસર રિસ્પોન્સિબિલિટી ઓર્ગેનાઈઝેશન (પીઆરઓ) છે અને દેશમાં ઈ–વેસ્ટના નિકાલનો માર્ગ બતાવે છે, તેમજ સિસ્ટમમાં ઉત્તરદાયિત્વ, પારદર્શિતા અને વિશ્વાસની સ્થાપના કરે છે. આ સંસ્થા શાળાઓ, કોલેજો અને ખુલ્લી જગ્યાઓમાં પડી રહેલા ઈ–વેસ્ટને ઉપાડવાની સ્વૈચ્છિક સેવા આપે છે.

તેમનો સંપર્ક +૯૧ ૯૩૧૧૬૦૭૮૧૧ અથવા engage@karosambhav.com દ્વારા કરી શકાય છે.






## ગત અંકની સ્પર્ધાના વિજેતાઓ :

મુંબઈ ખાતેની કોર્પોરેટ ઓફિસના સુશ્રી પ્રિસિલ્લા નાઝારેથ, સિનિયર ઓફિસર, એકાઉન્ટ્સ

સિધ્ધિગ્રામ ખાતેની જીએસસીએલના શ્રી નિપુલ ઝાલા, ડેપ્યુટી મેનેજર-એચઆર

રાણાવાવ ખાતેના એસસીએલ ખાતેના શ્રી અલ્પેશ કારેના, ઓફિસર-એચઆર

## ગત અંકની સ્પર્ધાના ઉત્તર

૧) તમે જ્યાં સુધી આપો નહીં ત્યાં સુધી રાખી શકો નહીં, આ શું છે ?
ઉત્તર : તમારો શબ્દ – વચન

૨) ક્યું પક્ષી આ સમુદાયમાં આવતું નથી, ફિન્ચ, ગલ ઇગલ, શાહમૃગ અથવા ચકલી ?
ઉત્તર : શાહમૃગ – એકમાત્ર પક્ષી જે ઊડી શકતું નથી.

૩) જેમ તે સૂકવે છે તેમ ભીનું થતું જાય છે, આ શું છે ?
ઉત્તર : ટોવેલ

૪) ૨૦મી સદીની મધ્યમાં એવું શું થયું, જે ફરી ૪૦૦૦ વર્ષ સુધી નહીં થાય ?
ઉત્તર : વર્ષ ૧૯૬૧

૫) ખાલી બાસ્કેટમાં તમે કેટલા ઈંડાં મૂકી શકો ?
ઉત્તર : એક ઈંડું – તેના પછી બાસ્કેટ ખાલી નહીં હોય.




વિજ્ઞાનશિક્ષક : બોઈલિંગ પોઇન્ટ-ઉત્કલનબિંદુ ક્યારે આવે ?
વિદ્યાર્થી : જ્યારે મારા પિતા રિપોર્ટકાર્ડ જોવે ત્યારે...!

સ્ત્રી : મારા પતિ ભૂલથી એસ્પિરીન ગળી ગયા છે, હવે હું શું કરું ?
ડોક્ટર : હવે તેમને માથાનો દુ:ખાવો આપી દો, દવા શા માટે વેડફવી ?

(ઉપરના બંને જોક્સસ કોર્પોરેટ ઓફિસ ખાતેના
સિનિયર ઓફિસર એક્ઝિક્યુટિવ એમડી ઓફિસ, શ્રી મનોજ વાધવાનીની રજૂઆત છે.)









Children's Corner

# સપનાની દુનિયામાં ખોવાયેલી રહેતી દૂધ વેચતી છોકરી



મેરી દૂધ વેચતી છોકરી હતી. દરરોજ તે ગાયોને દોહી તેમનું દૂધ વેચીને કમાણી કરતી હતી. એક વખત મેરી માથા પર તાજા દૂધનો ઘડો લઈ બજાર તરફ જવા નીકળી.

રસ્તામાં તે સપનાની દુનિયામાં ખોવાઈ ગઈ, તેણે પોતાની જાતને કહ્યું : "આજે દૂધ વેચવાથી જે નાણાં મળશે, તેમાંથી હું ઈંડા ખરીદીશ. આ ઈંડા સેવાઈને ચીકન બનશે અને મોટા થઈને મરઘાઓ બની જશે. આ પછી હું મરઘીઓ વેચીશ અને તેના નાણામાંથી પહાડી પર મોટું ઘર ખરીદીશ. ગામના બધા લોકો મને મારી સંપત્તિનું રહસ્ય પૂછશે, પરંતુ હું જવાબ આપ્યા વિના માથું હલાવીશ."

આમ બોલતાં બોલતાં મેરીએ ખરેખર પોતાનું માથું હલાવ્યું. આ સાથે દૂધ ભરેલો ઘડો નીચે પડ્યો અને દૂધ જમીન પર ઢોળાઈ ગયું.

**આ વાર્તાનો બોધપાઠ : ઈંડા સેવ્યા વિના બચ્ચાંઓની ગણતરી ન કરો અને વિનમ્ર બની રહો.**

**'બાળકના જીવનમાં ઉત્સવનું મહત્ત્વ'**
**તમારા બાળક પાસે ટૂંકો નિબંધ લખાવડાવો અને તેને neetam@mehtagroup.com પર મોકલી આપો.**

**અમારા વાચકોને કોઈ પણ રસપ્રદ સ્ટોરીઝ/સ્પર્ધાઓ/અભિપ્રાયો/સૂચનો ઉપરોક્ત ઇ-મેઈલ ઉપર મોકલી આપવા આમંત્રણ છે...**

પ્રકાશન : ધ મહેતા ગ્રુપ, એન.કે. મહેતા ઇન્ટરનેશનલ હાઉસ, ૧૭૮ બેક બે રિક્લેમેશન, બાબુભાઈ ચિનાઈ માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૦. ઇન્ડિયા | www.mehtagroup.com

સંપાદકઃ નીતા મંગલુરકર
અમારી સંવાદદાતા ટીમ : પંકજ વાજા, નિપુલ ઝાલા, એચ.એમ. ખુંટી, સેન્થિલકુમાર અને લેફ. કોલ. ભૂષણ મહેતા (રિટાયર્ડ)

અમારા કન્ટેન્ટ અને સંપાદકીય સલાહકાર : પ્રકાશ કુંતે, સુરેશ કોઠારી અને ઝૈનાબ એસ. કાઝી
ડિઝાઇન : મીતા શાહ - એ એન્ડ એમ એન્ટરપ્રાઈઝ, અમદાવાદ
મુદ્રણ : પ્રિન્ટ વિઝન પ્રા. લિ., અમદાવાદ | www.printvision.in